ક્રીમીનલ કેસ નં.૨૯૫૮૯૫/૨૦૨૫

**આંક–૫ ની અરજી લગત હુકમ**

(૧) આ અરજી મુળ ફરીયાદી તરફે અરજી માં જણાવ્યા મુજબ ની વિગતે કલમ નો ઉમેરો કરવા માટે આપવા માં આવેલ છે. અરજી અન્વયે ફરીયાદપક્ષ તેમજ આરોપીઓ તરફે ની દલીલો સાંભળી. આ હુકમ અરજી લગત કરવામાં આવતો હોવા થી અરજી ની હકીકતો નું પુનરાવર્તન કરેલ નથી.

(૨) આ કેસ માં આરોપીઓ વિરૂધ્ધ બી.એન.એસ.ની ૮૫,૨૯૬,૧૧૫(૨),૫૪ અને દહેજ પ્રતિબંધક અધીનીયમ ની કલમ.૩ અને ૭ મુજબ ચાર્જશીટ કરવા માં આવેલ છે. સદરહુ કેસ ચાર્જ ફ્રેમ રાખેલ અને દરમ્યાન હાલ ની અરજી તેમજ અન્ય અરજીઓ રજુ થયેલ છે. આ કેસ માં એ નોંધવુ જરૂરી છે કે,મુળ ફરીયાદી દ્વારા આ ગુના ની ફરીયાદ તારીખ ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ દાખલ કરવા માં આવેલ હતી.જે ફરીયાદ ની હકીકત વંચાણે લેતા,હાલ ની અરજી માં કારણો માં જે ગુના ના આક્ષેપો કરેલ છે તે ગુનાઓ અંગે મુળ ફરીયાદીએ પોલીસ રૂબરૂ ની મુળ ફરીયાદ માં આ ગુનાઓ સંર્દભે કોઇ હકીકત જણાવેલ નથી કે આવી કોઈ હકીકત ફરીયાદપક્ષે રજુ સાહેદો ના નિવેદન માં પણ જણાવેલ નથી. આ ઉપરાંત આ કામે મુળ ફરીયાદીએ કારણો માં જણાવેલ કારણ–ડ) મુજબ બી.એન.એસ.ની કલમ.૧૧૫ મુજબ ચાર્જશીટ કરેલ છે.આ સિવાય ફરીયાદી જે હકીકત જણાવે છે,તેવી કોઇ હકીકત મુળ ફરીયાદીએ પોલીસ રૂબરૂ આપેલ ફરીયાદ માં જણાવેલ નથી કે જાહેર કરેલ નથી અને તે સંજોગો હાલ ની અરજી કાયદાકીય જોગવાઇઓ મુજબ ટકવાપાત્ર રહેતી નથી તેમ ઠરાવવામાં આવે છે.આ અરજી અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવા માં આવે છે.

// આખરી હુકમ //

આથી,આ કેસ ની મુળ ફરીયાદ માં હાલની અરજી માં જણાવેલ હકીકતો અંગે ની કોઇ હકીકત જણાવેલ ના હોય,હાલ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ.૧૨,માહે.જુન,સને.૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

[દર્શકકુમાર દિનેશંચદ્ર શાહ]
૫ માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧), અમદાવાદ સીટી

અમદાવાદ

Code : GJ00956